Does God Love You?

# શું ઈશ્વર તમને પ્રેમ કરે છે?

**પ્રશ્ન ૧ : ઘણીવાર મને આશ્ચર્ય થાય છે કે દેવ મને પ્રેમ કરે છે. જો તે પ્રેમાળ દેવ છે, તો જગતમાં ઘણી બધી યાતના અને દુઃખ શા માટે છે?**

ઊત્તર : તેમનાં બાઈબલ નામે ઓળખાતા પુસ્તકમાં, દેવ વિગતવાર જણાવે છે કે બધી યાતનાઓ અને દુઃખોનું કારણ આપણા પાપો છે. તે સાચું છે કે દેવ તેમનો પ્રેમ સમગ્ર જગત માટે પ્રગટ કરે છે, જેમ આપણે બાઈબલમાં જે સૌથી વધુ ઉલ્લેખ કરાયો છે એવા એક વચનમાં વાંચીએ છીએ :

કેમ કે દેવે (આ રીતે)* જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.
**યોહાન ૩:૧૬**

* ( () કૌંસમાંના શબ્દો સ્પષ્ટતા કરવાના હેતુ સાથે જ ઉમેરવામાં આવ્યા છે.)

તેમ છતાં, દેવ પાસે કહેવા હજુ ઘણું બધું છે :

દુષ્ટના માર્ગથી યહોવા કંટાળે છે; પણ નેકીને અનુસરનાર પર તે પ્રેમ કરે છે.
**નીતિ વચનો ૧૫:૯**

કેમ કે યહોવા ન્યાયીઓનો માર્ગ જાણે છે; પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે.
**ગીતશાસ્ત્ર ૧:૬**

**પ્રશ્ન ૨ : પણ હું દુષ્ટ નથી. હું એક સારો, નૈતિક માણસ છું. ચોક્કસપણે મેં મારા જીવનમાં જે સારા કામો કર્યાં છે તે મારા ખરાબ કામો કરતા કંઈ કેટલાયે વિષેશ છે. આ વચનો મારા માટે કેવી રીતે લાગૂ પડી શકે?**

ઊત્તર : દેવના ન્યાયીપણાના ધોરણ મુજબ તો સૌથી નેક વ્યક્તિને પણ નરકનાં માર્ગ તરફ જતા પાપી તરીકે દેવ જુએ છે. બાઈબલ ઉપદેશ કરે છે કે કોઈ પણ પોતે સ્વર્ગમાં જઈ શકે તેટલો સારો નથી. ઊલટું આપણે બધાં પાપીઓ છીએ અને આપણે બધાં દેવ સમક્ષ દોષી છીએ.

જેમ શાસ્ત્રોમાં લખેલું છે તે પ્રમાણે, કોઈ ન્યાયી નથી, એક પણ નથી; સમજનાર કોઈ નથી, દેવને શોધનાર કોઈ નથી.

**રોમનોને પત્ર ૩:૧૦-૧૧**

હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે; તેને કોણ જાણી શકે?

**યર્મિયા ૧૭:૯**

એક એવો માર્ગ છે કે, જે માણસોને ઠીક લાગે છે, પણ તેનું પરિણામ મોતનો માર્ગ છે.

**નીતિવચનો ૧૪:૧૨**

**પ્રશ્ન ૩ : જો હું દેવની દૃષ્ટિમાં આટલો દુષ્ટ માણસ છું, તો દેવ મારી સાથે શું કરશે?**

ઊત્તર : બાઈબલ શીખવે છે કે જગતના અંત વખતે બધાં દુષ્ટો આ પૃથ્વી પર નરકનાં નામે ઓળખાતી જગ્યાએ દેવની અનંત સજા હેઠળ આવશે અને આ સમય અત્યંત નિકટ છે. બાઇબલ આધારિત ઘણા પુરાવા છે કે વિશ્વાસીઓનું તણાઇ જવું ૨૧ મે, ૨૦૧૧ના દિવસે થવા પામશે અને આ જગતનું અસ્તિત્વ ૨૧ ઓક્ટોબર, ૨૦૧૧ના દિવસે અંતાઇ જશે. કૃપા કરીને વિના મુલ્યે પુસ્તકો, 'Time has an end' અને 'We Are Almost There' માટે ફેમિલી રેડિયોનો સંપર્ક સાધો, જે જગતના અંતના સમય પત્રક અને ન્યાયી ચુકાદાને લગતી બાઇબલ આધારિત ઘણી બધી માહિતી આપે છે.

કેમ કે મારો કોપ ભડકે બળે છે, અને શેઓલના તળિયા સુધી તે બળે છે, અને પૃથ્વીને તેની પેદાશ સુદ્ધાં ખાઈ નાખે છે, અને પર્વતોના પાયાનેં સળગાવી દે છે. હું તેઓનું ઢગલેઢગલા નુકસાન કરીશ; હું તેઓ પર મારાં તીર ખપાવી દઈશ; (તેઓ) ભૂખથી સુકાઈ (જશે), ને ઉગ્ર તાપથી તથા દારુણ વિનાશથી ખવાઈ જશે : હું તેઓ પર પશુઓના દાંત, અને ધૂળમાં પેટે ચાલનાર જાનવરોનું ઝેર રેડીશ.

**પુનર્નિયમ ૩૨:૨૨-૨૪**

જે કોઇ (રાજાની) આજ્ઞા પાળે છે તેને કંઇ હરકત થશે નહિ; બુદ્ધિમાન માણસનું અંતઃકરણ પ્રસંગ તથા ન્યાય સમજે છે; કેમ કે દરેક પ્રયોજનને માટે પ્રસંગ તથા ન્યાય હોય છે; કેમ કે માણસને માથે મોટું દુઃખ છે;

**સભાશિક્ષક ૮:૫-૬**

**પ્રશ્ન ૪ : ઓહ, બસ કરો! ચોક્કસપણે બાબતો આટલી બધી ખરાબ નથી. દેવનો કહેવાનો અર્થ એ નથી કે તેઓ માણસને નષ્ટ કરી અને જગતને સળગાવી દેશે, શું તેનો અર્થ એ છે?**

ઊત્તર : ખરેખર દેવનો કહેવાનો અર્થ એ જ છે કે જીવીત રહેવાનો તે ભયંકર સમય હશે જ્યારે તેઓ આ જગતને ૫ મહિનાઓ સુધી શબ્દશઃ નરક બનાવી દે છે. પછી દેવ આ પૃથ્વી અને તેમાં જે કંઇ છે તેનો અગ્નિ વડે નાશ કરી દેશે.

વળી તેઓને એવી (આજ્ઞા) આપવામાં આવી કે તેઓ તેમને મારી નાખે નહિ, પણ પાંચ મહિના સુધી તેમને પીડા કરે; અને વીંછુ જ્યારે માણસને ડંખ મારે છે તે વખતની પીડા જેવી તેઓની પીડા હતી.

**પ્રકટીકરણ ૯:૫**

પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દિવસ આવશે; તે વેળાએ આકાશો મોટી ગર્જનાસહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે.

**પિતરનો બીજો પત્ર ૩:૧૦**

જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડ્યો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો.

**પ્રકટીકરણ ૨૦:૧૫**

એમ જ જગતને અંતે પણ થશે. દૂતો આવીને ન્યાયીઓમાંથી ભૂંડાઓને જુદા પાડશે, અને તેઓને બળતી ભઠ્ઠીમાં ફેંકી દેશે; ત્યાં રડવું ને દાંત પીસવું થશે.

**માથ્થી ૧૩:૪૯-૫૦**

અને જ્યારે પ્રભુ ઈસુ સ્વર્ગમાંથી પોતાના પરાક્રમી દૂતો સાથે અગ્નિની જ્વાળામાં પ્રગટ થશે, ત્યારે તે તમો દુઃખ સહન કરનારાઓને અમારી સાથે વિસામો આપે; તે વેળા જેઓ દેવને ઓળખતા નથી ને જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા માનતા નથી, તેઓને તે સજા કરશે. તેઓ પ્રભુની હજૂરમાંથી તથા તેના મહિમાવાન સામર્થ્યથી (દૂર રહેવાની) શિક્ષા એટલે અંનતકાળનો નાશ ભોગવશે.

**થેસ્સલોનિકીઓને ૨જો પત્ર ૧:૭-૯**

**પ્રશ્ન ૫ : તે ભયાનક છે! શા માટે દેવ માણસનો નાશ કરશે?**

ઊત્તર : કારણ કે દેવે માણસની ઉત્પત્તિ તેના કાર્યો માટે દેવને જવાબદાર રહેવા કરી હતી. દેવનો સચોટ ન્યાય પાપની ભરપાઈની માંગ કરે છે.

કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે;

**રોમનોને પત્ર ૩:૨૩**

કેમ કે પાપનો મુસારો મરણ છે...

**રોમનોને પત્ર ૬:૨૩**

**પ્રશ્ન ૬ : તે કેટલું ભયાનક છે! શું બાઈબલ કોઈ આશા આપે છે જેના થકી વ્યક્તિ વિનાશથી બચી શકે?**

ઊત્તર : ખરેખર તે આપે છે; એવા કોઈકનું અસ્તિત્વ છે જે આપણા પાપો માટે તીવ્ર અને લજ્જાસ્પદ વિનાશની સજા સહન કરવામાં આપણો અવેજી છે. તે કોઈક દેવ પોતે જ છે, જેઓ પૃથ્વી પર ઈસુ ખ્રિસ્ત તરીકે એ સર્વ માટે દેવના કોપ સહન કરવા આવ્યો હતો જેમનો ઉદ્ધાર કરવા તે આવ્યો હતો.

આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાએ તેના પર આપણ  સર્વનાં પાપ(નો ભાર) મૂક્યો છે.

**યશાયા ૫૩:૬**

પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.

**યશાયા ૫૩:૫**

કેમ કે જે મને પણ પ્રાપ્ત થયું તે મેં પ્રથમ તમને કહી સંભળાવ્યું કે, ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારુ મરણ પામ્યો; અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો, અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું.

**કરિંથીઓને ૧લો પત્ર ૧૫:૩-૪**

આપણે તેનામાં દેવના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો.

**કરિંથીઓને ૨જો પત્ર ૫:૨૧**

**પ્રશ્ન ૭ : શું તમે એમ કહી રહ્યાં છો કે જો ખ્રિસ્ત મારા અવેજી છે, તેઓ જેને મારા પાપોની સજા થઈ હતી, તો મારે હવે નષ્ટ થવા અંગે ચિંતા નહિ કરવી પડે?**

ઊત્તર : હા, આ એમ જ છે! જો હું ઉદ્ધાર પામેલ બની ચુક્યો છું, તો ખ્રિસ્તે મારા અવેજી

તરીકે મારા પાપોની ભરપાઈ કરી દીધી છે.

દીકરા પર જે વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; પણ દીકરાનું જે નથી માનતો, તે જીવન નહિ દેખશે, પણ તેના પર દેવનો કોપ રહે છે.

**યોહાન ૩:૩૬**

**પ્રશ્ન ૮ : પણ તેમના પર વિશ્વાસ કરવાનો શું અર્થ થાય છે? જો બાઈબલ તારનાર તરીકે ખ્રિસ્ત વિશે જે કહે છે તે બધા સાથે હું સહમત હોઉં, તો શું સદાસર્વદા માટે નષ્ટ થવાથી મારો બચાવ થઈ જાય છે?**

ઊત્તર : ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાનો અર્થ બાઇબલનાં સત્યો સાથે મારા મનમાં સહમત હોવા કરતાં ખુબ વધારે છે. તેનો અર્થ એ થાય છે કે હું સમગ્ર બાઈબલમાં મારા માટે દેવનાં નિયમના પુસ્તક તરીકે વિશ્વાસ કરું છું. તેનો એ પણ અર્થ થાય છે કે મને બાઈબલની આજ્ઞાઓનું પાલન કરવા માટેની સતત તીવ્ર ઈચ્છા છે. આમ મને લાગે છે હું સાચે જ ખુશ છું જ્યારે હું બાઈબલમાં દેવ સૂચન આપે છે તે રીતે જીવું છું.

જો આપણે તેની આજ્ઞાઓ પાળીએ, તો એ ઉપરથી આપણેને માલૂમ પડે છે કે આપણે તેને ઓળખીએ છીએ.

**યોહાનનો પહેલો પત્ર ૨:૩**

કોઈથી બે ધણીની ચાકરી કરાય નહિ; કેમ કે તે એક પર દ્વેષ કરશે, ને બીજા પર પ્રીતિ કરશે; અથવા તે એકના પક્ષનો થશે, ને બીજાનો તિરસ્કાર કરશે; દેવની તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ.

**માથ્થી ૬:૨૪**

**પ્રશ્ન ૯ : શું તમે એમ કહી રહ્યાં છો કે ઈસુ મારફત સિવાય એ વિનાશમાંથી બચવાનો કોઈ માર્ગ નથી ? બીજા ધર્મો અંગે શું? શું તેમના અનુયાયીઓ પણ નષ્ટ કરાશે?**

ઊત્તર : હા, ખરેખર. તેઓ આ વાસ્તવિકતાથી બચી શકતાં નથી કે દેવ આપણા પાપો માટે આપણને જવાબદાર ઠેરવે છે. દેવ માંગણી કરે છે કે આપણે આપણાં પાપોની ભરપાઈ કરીએ. બીજા ધર્મો, જેમાં ઘણાનો સમાવેશ છે જેઓ ઇસુ ખ્રિસ્તના નામનો ઉપયોગ કરે છે, તેમના અનુયાયીઓના પાપો માટે સહન કરનાર અવેજી ઉપલબ્ધ કરાવી શકતા નથી. એકમાત્ર ખ્રિસ્ત જ છે જે આપણાં પાપો અને લજા માટે સહન કરી આપણને બચાવવાની યોગ્યતા ધરાવે છે. એટલે માણસે તેનો ધર્મ છોડી અને ફક્ત બાઈબલનો વિશ્વાસ કરવાનું શરુ કરવું જોઈએ.

કેમ કે દેવ એક જ છે, અને દેવ તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત

ઈસુ પોતે માણસ.

**તિમોથીને પહેલો પત્ર ૨:૫**

બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી.

**પ્રેરિતોનાં કૃત્યો ૪:૧૨**

ઈસુ તેને કહે છે કે, માર્ગ તથા સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.

**યોહાન ૧૪:૬**

**પ્રશ્ન ૧૦ : હવે હું નિરાશ થઈ ગયો છું. હું નષ્ટ થવા માંગતો નથી. હું ઉદ્ધાર પામવા માટે શું કરી શકું?**

ઊત્તર : એવું કઈ પણ નથી જે તમારા ઉદ્ધાર માટે તમે જાતે કરી શકો. બાઈબલ આપણને કહે છે કે ફક્ત દેવ જ તમારો ઉદ્ધાર કરી શકે છે. દેવ જેમનાં ઉદ્ધારની યોજના કરે છે તેમનાં જીવન અને હૃદયો પર દેવના વચન (બાઈબલ) લાગૂ પાડીને તારણનો મહાન ચમત્કાર કરે છે. તારણના આ ચમત્કારથી ઉદ્ધાર થયો હોય તેવા વ્યક્તિના જીવન પર એ અસર થાય છે કે હવે તે દેવ અને બાઈબલ પ્રત્યે પ્રેમ રાખે છે. હવે તે સહુથી વધુ ખુશ છે જ્યારે તે દેવના નિયમના પુસ્તક, બાઈબલનું અનુસરણ કરી રહ્યો છે. આમ જો કોઈ વ્યક્તિ સાચે જ ઉદ્ધારની ઈચ્છા ધરાવે ઈચ્છા ધરાવે છે તો તેણે વધુ સમય કાળજીથી બાઈબલનું વાંચન કરવા અથવા સાંભળવામાં પસાર કરવો જોઈએ.

એ પ્રમાણે સંદેશો સાંભળવાથી વિશ્વાસ (થાય છે), તથા ખ્રિસ્તના વચનદ્વારા (સંદેશો) સાંભળવામાં આવે છે.

**રોમનોને પત્ર ૧૦:૧૭**

કેમ કે તમે કૃપાથી વિશ્વાસદ્વારા તારણ પામેલા છો; અને એ તમારાથી નથી, એ તો દેવનું દાન છે.

**એફેસીઓને પત્ર ૨:૮**

‘તેઓમાં લૂદિયા નામની એક સ્ત્રી....તેણે અમારું સાભળ્યું (પાઉલ જે તેના સુધી સુવાર્તા લાવ્યા) પ્રભુએ તેનું અંતઃકરણ ઉઘાડયું.....’

**પ્રેરિતોનાં કૃત્યો ૧૬:૧૪**

**પ્રશ્ન ૧૧ : તમે સતત બાઈબલનો સંદર્ભ આપો છો. બાઈબલ કેટલી મહત્વની છે?**

ઊત્તર : બાઈબલ જગતમાં સહુથી મહત્વનું પુસ્તક છે કારણ કે આ માનવ પ્રજાતિ માટે દેવનાં નિયમનું પુસ્તક છે. બાઈબલનું વાંચન કરવા કે સાંભવાથી વ્યક્તિ એ સ્થાને છે જ્યાં દેવ તેનો ઉદ્ધાર કરી શકે છે જો તે વ્યક્તિ માટે દેવની તે ઈચ્છા છે. વધુમાં તે દેવ, તેમનો ક્રોધ, અને તેમની તારણની યોજના બાબતે ઘણાં અદ્‌ભુત અને આશ્ચર્યજનક સત્યો પણ શીખશે. ભારપૂર્વક કહીએ તો તે દેવની વાણી સાંભળી રહ્યો છે કારણ કે દેવ બાઈબલનાં લેખક છે અને માટે તેઓ તેમના વચનો (બાઈબલ) થકી તેની સાથે વાત કહી રહ્યાં છે.

યહોવાનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે; યહોવાની સાક્ષી વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે.

**ગીતશાસ્ત્ર ૧૯:૭**

સીધે માર્ગે જનારાઓને તથા યહોવાના નિયમ પ્રમાણે ચાલનારાઓને ધન્ય છે.

**ગીતશાસ્ત્ર ૧૧૯:૧**

એ પ્રમાણે સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે, તથા ખ્રિસ્તના વચનદ્વારા સંદેશો સાંભળવામાં આવે છે.

**રોમનોને પત્ર ૧૦:૧૭**

આ ભવિષ્યવચનો જે વાંચે છે, ને જેઓ સાંભળે છે, અને એમાં જે લખેલું છે તે પાળે છે, તેઓને ધન્ય છે; કેમ કે સમય પાસે છે.

**પ્રકટીકરણ ૧:૩**

**પ્રશ્ન ૧૨ : શું હું પ્રાર્થના કરી શકું કે દેવ મારી ઉપર કદાચ દયાળુ બને અને મારો ઉદ્ધાર કરે?**

ઊત્તર : સંપૂર્ણપણે હા! દેવ બહુ દયાળુ છે. માટે, બાઈબલ આપણને કહે છે કે આપણે દયા અને તારણ માટે, આજીજી અને કાલાવાલા, એ કબૂલ કરતાં તેમને પ્રાર્થના કરી શકીએ અને કરવી જ જોઇએ, કે આપણે પાપીઓ છીએ જેઓ દેવના કોપને યોગ્ય છીએ. આનાથી આપણો ઉદ્ધાર થશે નહિ, પરંતુ આપણને ખાતરી થશે કે આપણી ઉદ્ધાર પામવા માટેની તીવ્ર ઇચ્છા દેવ જાણે છે.

પણ દાણીએ વેગળે ઊભા રહીને પોતાની આંખો આકાશ તરફ ઊંચી કરવા ન ચાહતાં છાતી કૂટીને કહ્યું કે, ઓ દેવ, હું પાપી છું, મારા પર દયા કર.

**લૂક ૧૮:૧૩**

**પ્રશ્ન ૧૩ : શું મારે મંડળીમાં હાજરી આપવી જોઈએ?**

ઊત્તર : ચોક્કસપણે નહિ! બાઈબલ આપણને કહે છે કે ઈસુ વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા તેના લગભગ ૨૦૦૦ વર્ષ પછી સુધી જેઓ ઈસુમાં વિશ્વાસ કરે છે, જો શક્ય હોય તો, તેમણે મંડળીના સભ્ય રહેવાનું હતું. પણ હવે આપણે બાઈબલમાંથી જાણીએ છીએ કે દેવ હવેથી મંડળીઓની સેવાઓ થકી લોકોનો ઉદ્ધાર નથી કરી રહ્યાં. મંડળી યુગનો અંત આવી ગયો છે.

વાસ્તવિકતા એ છે કે દેવ તેમના નિયમના પુસ્તક, બાઈબલમાં આદેશ કરે છે, કે સાચાં વિશ્વાસીઓએ પોતાની મંડળી છોડી દેવાની છે. આ એટલા માટે છે દેવનો યથાર્થ ન્યાય બધી સ્થાનિક સભાઓ પર છે જેમ દેવ ન્યાયી ચુકાદાના દિવસ માટે જગતને તૈયાર કરી રહ્યાં છે.

એ માટે ઉજ્જડની અમંગળપણાની (નિશાની) જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ (જે વાંચે તે સમજે), ત્યારે જેઓ યહૂદિયામાં (સ્થાનિક મંડળીઓમાં)* હોય તેઓ પહાડો પર (ખ્રિસ્ત પાસે) નાસી જાય.

**માથ્થી ૨૪:૧૫-૧૬**

કેમ કે ન્યાયકરણનો આરંભ દેવની મંડળીમાં (સ્થાનિક મંડળીઓમાં)* થાય, એવો સમય આવ્યો છે; અને જો આપણામાં તેનો આરંભ થાય, તો દેવની સુવાર્તા જેઓ માનતા નથી તેઓના શા હાલ થશે?

**પિતરનો ૧લો પત્ર ૪:૧૭**

આપણે એ યાદ રાખવું જ જોઈએ કે આપણો ઉદ્ધાર એક મંડળી દ્વારા કે એક પાદરી દ્વારા કે એક યાજક દ્વારા, અથવા જળથી બાપ્તિસ્મા દ્વારા અથવા પ્રભુભોજનની સેવા દ્વારા થઇ શકે નહિ. ફકત પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે પોતે દેવ છે તેઓ જ આપણો ઉદ્ધાર કરી શકે છે. બાઈબલ શીખવે છે કે હાલના સમયમાં, જયારે આપણે સમયના અંતની અત્યંત નિકટ છીએ, એ મંડળીઓની બહાર છે જ્યાં દેવ મોટી સભાનો ઉદ્ધાર કરી રહ્યાં છે.

આ બિનાઓ બન્યા પછી મેં જોયું, તો જુઓ, સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા! તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઊભેલા હતા; તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી.

**પ્રકટીકરણ ૭:૯**

ફેમિલી રેડિઓમાંથી તમે કોઈ પણ કિમત કે ઉપકાર વગર નિઃશુલ્ક પુસ્તકો, 'The End of the church age and after' તથા 'Wheat and Tares' મેળવી શકો છો. તે બાઈબલ આધારિત ઘણી બધી માહિતી આપે છે જે આપણને દર્શાવે છે કે આપણે મંડળી યુગના અંત સુધી આવી ગયા છીએ.

**પ્રશ્ન ૧૪ : કૃપા કરી મને દેવ લોકોનો ઉદ્ધાર કેવી રીતે કરે છે તે અંગે વધુ કહો.**

ઊત્તર : બાઈબલ યોહાન ૧૧માં એ નિર્દિષ્ટ કરતાં એક અનોખું ઉદાહરણ આપે છે કે આપણાં ઉદ્ધારનું સમગ્ર કાર્ય દેવ એકલાં કરે છે. લાજરસ નામનો એક વ્યક્તિ જે ચાર દિવસથી મૃત હતો તેને ખ્રિસ્ત પુનર્જીવિત કરે છે. ઈસુ લાજરસની કબરની બહાર ઊભો રહ્યો અને આદેશ આપ્યો, ''લાજરસ બહાર આવ''. સ્વભાવિકપણે કબરમાં રહેલું ગંધાતું મડદું તેમને સાંભળી શકે નહિ કે તેમના આદેશનું પાલન કરી શકે નહિ.

છતાં લાજરસે ઈસુનો આદેશ સાંભળ્યો અને એક જીવંત માણસ તરીકે, કબરમાંથી બહાર આવ્યો. તે કેવી રીતે બન્યું? તેનો અર્થ એ હતો કે જ્યારે ઈસુએ મૃત લાજરસને બહાર આવવાનો આદેશ કર્યો, ત્યારે ઈસુએ તેમના આત્મામાં કબરમાં પ્રવેશ કરવો પડ્યો હતો અને તે ગંધાતાં મડદાંને ભૌતિક જીવન, સાંભળવા માટે કાન, અને ખ્રિસ્તનાં આદેશનું પાલન કરવાની ઈચ્છા અને શક્તિ આપવી પડી હતી.

બાઈબલ આપણને કહે છે કે આપણે ઉદ્ધાર પામ્યા અગાઉ આપણે આત્મિક રીતે મૃત છીએ. છતાં દેવ આપણને દેવને શોધવાનો, વિશ્વાસ કરવાનો, પસ્તાવો કરવાનો આદેશ આપે છે. તેમ છતા, જેમ તે મૃત લાજરસ માટે કબરમાંથી બહાર આવવાના ઈસુના આદેશનું પાલન કરવાનું અશકય હતું, તેમ તે આધ્યાત્મિક રીતે મૃત વ્યક્તિ માટે, તારણ અર્થે ઈસુમાં વિશ્વાસ કરવાનાં દેવનાં આદેશનું પાલન કરવું અશક્ય છે.

જે મારા બાપે મને મોકલ્યો છે, તેના ખેંચ્યા વિના કોઈ માણસ મારી પાસે આવી નથી શકતો; અને છેલ્લે દહાડે હું તેને પાછો ઉઠાડીશ.

**યોહાન ૬:૪૪**

એવી જ રીતે તેઓ જેમના ઉદ્ધારનું દેવ આયોજન કરે છે જેમ તે આપણને વિશ્વાસ કરવા, પસ્તાવો કરવા, ઉદ્ધાર પામવાનો આદેશ આપે છે, તેઓ આત્મિક મડદાઓ સાથે વાત કરી રહ્યાં છે જે પોતે ક્યારેય ઉદ્ધાર પામી ન શકે. છતાં ત્યાં એવા છે જેઓ ઈસુમાં તારનાર તરીકે વિશ્વાસ કરવાનું શરૂ કરે છે, જેમને જણાય છે કે તેઓ જ્યારે દેવની ઈચ્છા મુજબ વર્તે છે ત્યારે સહુથી ખુશ હોય છે. તેમના જીવનમાં પુરાવો એ છે કે કોઈક રીતે તેમનો ઉદ્ધાર થઈ ગયો હતો. આ ફક્ત ત્યારે જ થઈ શકે છે કારણ કે જ્યારે દેવે તેમને વિશ્વાસ કરવા આદેશ કર્યો, તો દેવે તેમના જીવનમાં પ્રવેશ અને તેમનો ઉદ્ધાર પણ કર્યો. એટલા માટે કે તેમણે તેમનો ઉદ્ધાર કર્યો તેથી તેમને

જણાયું કે તેઓ ઈસુમાં વિશ્વાસ કરવા લાગ્યાં છે. તેમને જણાયું કે પાપ તેમના માટે હવે આનંદદાયક રહ્યું નથી. તે સ્પષ્ટ હતું કે દેવે તેમને ઉદ્ધાર પામવા માટે પસંદ કર્યાં હતાં. જ્યારે તેમણે સુવાર્તા સાંભળી હતી, તો દેવે, દેવના વચન તેમના જીવનમાં લાગૂ પાડ્યાં અને તેમનો ઉદ્ધાર થઈ ગયો.

જો તમારો ઉદ્ધાર નથી થયો તો ખંતપૂર્વક બાઈબલને સાંભળો. કાળજીપૂર્વક અને પ્રાર્થનામય બની બાઈબલનું સતત વાંચન કરો. જ્યારે દેવ તેમના નિયમ પુસ્તક, બાઇબલ થકી તેમને બોલાવે છે, તો એવું કદાચ બની શકે કે તમે, પણ, તારણ પ્રાપ્ત કરો.

હે પૃથ્વીના નમ્ર માણસો, તમે યહોવાના હુકમનો અમલ કર્યો છે, માટે તમે તેને શોધો; નેકીનો માર્ગ શોધો, નમ્રતા શોધો : કદાચ યહોવાના કોપને દિવસે તમને સંતાઇ રહેવાનું સ્થાન મળે.

**સફાન્યા ૨:૩**

**કંઈ વાંધો નહિ તમે કેટલી ખરાબ રીતે જીવ્યા છો અથવા તમે કેટલી ભયાનક રીતે પાપ કર્યાં છે, તે સંપૂર્ણપણે શક્ય છે કે દેવની દયા થકી, તમે, પણ, દેવ દ્વારા ઉદ્ધાર માટે પસંદ કરાયા છો.**

યાદ રાખો, કોઈના કોઇ રીતે દેવ બધું તેમનાં સમય પર કરે છે. તેથી, જ્યારે તમે બાઈબલમાંથી શીખવાનું ચાલુ રાખો છો ત્યારે તમારે ધીરજપૂર્વક દેવની વાટ જોવી જોઈએ.

યહોવાના તારણની આશા રાખવી અને શાંતિથી તેના આવવાની વાટ જોવી, એ સારું છે.

**યર્મિયાનો વિલાપ ૩:૨૬**

ઈશ્વરમાં મારું તારણ અને ગૌરવ છે; મારા સામર્થ્યનો ખડક તથા મારો આશ્રય ઈશ્વરમાં છે. હે લોકો, તમે સર્વ પ્રસંગે તેનો ભરોસો રાખો; તેની આગણ તમારું હૃદય ખુલ્લું કરો; દેવ આપણો આશ્રય છે.

**ગીતશાસ્ત્ર ૬૨:૭-૮**

## કદાચિત દેવ તમારી પર દયા કરે અને તેમના અંતિમ વિનાશથી તમને બચાવે.

અમારા સુવાર્તા પ્રસારણોની મફત કાર્યક્રમ માર્ગદર્શિકા, અમારા મફત બાઇબલ સ્કૂલ પત્રાચાર અભ્યાસક્રમો (અંગ્રેજી) વિષેની માહિતી, કે મફત પુસ્તકો અથવા સાહિત્ય મેળવવા માટે આ

સરનામે લખો :

**Family Radio, Oakland, CA 94621 USA**
**E-mail:International@familyradio.com**
On the Internet: **http://www.familyradio.com**

ફેમિલી રેડિયો કોઇ પણ મંડળી સાથે ન જોડાયેલી, બાઈબલ આધારિત ખ્રિસ્તી પ્રસારણ સેવા સંસ્થા છે.